1. મિશ્ર સ્તંભઆલેખ

- એકથી વધુ બાબતનું આલેખન એક જ ફલક ઉપર કરવામાં આવ્યું હોય તેવા સ્તંભઆલેખને 'મિશ્ર સ્તંભઆલેખ' કહેવામાં આવે છે.

2. મિશ્ર સ્તંભઆલેખ એટલે શું?

- એકથી વધુ બાબતનું આલેખન એક જ ફલક ઉપર કરવામાં આવ્યું હોય તેવા સ્તંભઆલેખને 'મિશ્ર સ્તંભઆલેખ' કહેવામાં આવે છે.

3. પાઈ (Pie) ડાયાગ્રામ સમજાવો.

- આ પ્રકારના આલેખમાં વર્તુળનો ઉપયોગ થાય છે. વિગતો દર્શાવવા માટે વર્તુળના ખંડ પાડવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો, વર્તુળને વિભાજિત કરવામાં આવે છે. તેને 'પાઈ (Pie) ડાયાગ્રામ' કહે છે. આંકડાકીય માહિતીની તુલના કરવાની હોય ત્યારે આ પદ્ધતિનો ઉપયોગ થાય છે. અહી વર્તુળના જે વિભાગ પાડવામાં આવે છે, તે અકડાકીય માહિતીનું પ્રતિનિધિત્વ હોય છે.

4. રંગછાયા પદ્ધતિની ખામીઓ જણાવો. (March 18)

- રંગછાયા પદ્ધતિની ખામી એ છે કે જયાં ભાત બદલાય ત્યાં તદન બાજુમાં આવેલા પ્રદેશની ગીચતા બદલાઈ જાય છે. સમાન વસ્તીવાળું વર્ગીકરણ જયારે પર્વત તથા મેદાન એમ બંને પ્રદેશને આવરી લે ત્યારે ગીચતા વિશેનો ખોટો આભાસ ઊભો થાય છે.

5. રેખા આલેખમાં કઈ કઈ બાબતો દર્શાવવામાં આવે છે ? (July 18)

- તાપમાન, જન્મદર, મૃત્યુદર વગેરે વિગતો રેખા આલેખમાં દર્શાવવામાં આવે છે.

6. ટપકું પદ્ધતિ ટૂંકમાં સમજાવો. (March 19).

- આ પદ્ધતિનો સૌથી વધારે ઉપયોગ વસ્તી અને તેનાં જુદાં જુદાં પાસાં દર્શાવવા માટે કરવામાં આવે છે. તેમાં વસ્તીની ગીચતા, સ્ત્રીપુરુષ પ્રમાણ, સાક્ષરતા વગેરે અનેક વિગતો બતાવી શકાય. બધાં ટપકાં એકસરખા કદનાં હોય છે. પ્રત્યેક ટપકું નિર્ધારિત સંખ્યાનું પ્રતિનિધિત્વ કરે છે. જે સ્થળે નદી, તળાવ, જંગલ કે અન્ય બિનવસવાટી પરિસ્થિતિ હોય ત્યાં ટપકું ના મુકાય તેનું ધ્યાન રાખવું. જરૂરી છે. ટપકાં મૂકતી વખતે જેતે પ્રદેશનો પ્રાકૃતિક નકશો સાથે રાખવો પડે છે. આ માત્રાત્મક પદ્ધતિ છે.

7. આલેખ એટલે શું?

- આલેખ એ આંકડાનું દશ્યમાન અને ચિત્રાત્મક સ્વરૂપ છે.

8. આલેખ એ આંકડાનું કેવું સ્વરૂપ છે ? (March 18)

- આલેખ એ આંકડાનું દશ્યમાન અને ચિત્રાત્મક સ્વરૂપ છે.

9. કયા પ્રકારનો આલેખ દિશા અંગેની માહિતી આપે છે?

➢ પ્રવાહ આલેખ (Flow Diagram) દિશા અંગેની માહિતી આપે છે.

10. કયા પ્રકારના આલેખમાં રંગોનો ઉપયોગ વધુ અસરકારક બને છે? (March 19)

➢ સંયુક્ત સ્તંભઆલેખમાં રંગોનો ઉપયોગ વધુ અસરકારક બને

11. કયા પ્રકારના આલેખની પદ્ધતિ સૌથી વધુ વપરાય છે?

➢ સ્તંભઆલેખની પદ્ધતિ સૌથી વધુ વપરાય છે.

12. રેખા આલેખ દ્વારા કઈ વિગતો સરળતાથી દર્શાવી શકાય છે?

➢ તાપમાન, જન્મદર, મૃત્યુદર વગેરે વિગતો રેખા આલેખ દ્વારા સરળતાથી દર્શાવી શકાય છે.

13. પાઇ ડાયાગ્રામમાં વર્તુળના વિભાગો અસમાન કેમ હોય છે?

➢ વર્તુળમાં દર્શાવવાના આ કડા અસમાન હોવાથી પાઈ ડાયાગ્રામમાં વર્તુળના વિભાગો અસમાન હોય છે.

14. પાઇ ડાયાગ્રામમાં આંકડા દર્શાવવા શું કરવું પડે છે?

➢ પાઇ ડાયાગ્રામમાં આંકડા દર્શાવવા માટે તેમને ટકાવારીમાં ફેરવવા પડે છે.

15. કુલ ટકા 100 અને વર્તુળના કુલ અંશ 360 હોય,તો બને વચ્ચેનો ગુણોતર કેટલું થાય?

➢ કુલ ટકા 100 અને વર્તુળના કુલ અંશ 360 હોય,
તો 300/100 કરવાથી બંને વચ્ચેનો ગુણોતર 3.6 થાય.

15. ફ્લો આલેખ દ્વારા શું દર્શાવી શકાય છે?

➢ ફ્લો આલેખ દ્વારા વ્યક્તિ કે વસ્તુઓની આંતરપ્રદેશીય હેરફેર સૂચવતા આંકડા દર્શાવી શકાય છે.

16. જો આપેલ આકડો 20 ટકા હોય અને તેને પાઇ ડાયગ્રામમાં દર્શાવવાનો હોય તો, તે માટે કેટલા અંશનો ખૂણો બનાવવો પડશે?

➢ આપેલ આકડાં ને 3.6 વડે ગુણતા,
20/1*36/10 $72^{\circ}$ નો ખૂણો બનાવવો પડે.

17. ડૉટ મેથડમાં ટપકાંની વિશેષતા જણાવો.

➢ ડૉટ મેથડમાં બધાં ટપકાં એકસરખા કદનાં હોય છે, તથા પ્રત્યેક ટપકું નિર્ધારિત સંખ્યાનું પ્રતિનિધિત્વ કરે છે.

18. ડૉટ મેથડમાં ટપકાંની વિશેષતા જણાવો.

- ડૉટ મેથડમાં બધાં ટપકાં એકસરખા કદનાં હોય છે, તથા પ્રત્યેક ટપકું નિર્ધારિત સંખ્યાનું પ્રતિનિધિત્વ કરે છે.

19. આઈસોપ્લેથનું ઉત્તમ ઉદાહરણ કયું છે?

- સમોચતા રેખાઓ આઈસોપ્લેથનું ઉત્તમ ઉદાહરણ છે.

20. વિભાજિત વર્તુળ પદ્ધતિમાં આંકડાના સૌથી મોટા ખંડની શરૂઆત કયા સ્થળેથી કરવામાં આવે છે ?

- વિભાજિત વર્તુળ પદ્ધતિમાં આંકડાના સૌથી મોટા ખંડની શરૂઆત, ઘડિયાળમાં જયાં 12 દર્શાવવામાં આવે છે તે સ્થળેથી કરવામાં આવે છે.

21. જો રેખા વળાંકવાળી હોય, તો તેવા આલેખને શું કહે છે?

- જો રેખા વળાંકવાળી હોય, તો તેવા આલેખને આવૃત્તિ વક્ર (Frequency Curve) આલેખ કહે છે.

22. વિતરણ નકશા તૈયાર કરવાની મુખ્ય પદ્ધતિઓ કઈ કઈ છે?

- વિતરણ નકશા તૈયાર કરવાની મુખ્ય પદ્ધતિઓ ત્રણ છે : (1) ટપકું પદ્ધતિ, (2) રંગછાયા પદ્ધતિ અને (3) સમમૂલ્ય રેખા પદ્ધતિ.

23. કયા સ્વરૂપના આલેખોનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય છે?

- રેખા, સ્તંભ, વર્તુળ, ચોરસ વગેરે સ્વરૂપના આલેખોનો ઉપયોગ વધુ પ્રમાણમાં થાય છે.

24. બહુ આવૃત્તિ વક્ર (Polygraph) રેખા આલેખ એટલે શું?

- રેખા આલેખમાં એક કરતાં વધુ રેખાઓ વળાંકોવાળી હોય તેવા આલેખને બહુ આવૃત્તિ વક્ર રેખા આલેખ કહે છે.